# ઝરુખડે દીવા બળે!

-રોહીત શાહ

એકાદ સારું પુસ્તક વાંચવા મળી જાય તો પછી સંસારની સઘળી ઉપાધીઓ જખ મારે છે. તાજગીભર્યો પ્રત્યેક વીચાર ફુલ જેવો હોય છે. ફુલને જોઈને કોઈ વ્યક્તી અપ્રસન્ન થાય એવું કદી બને ખરું? જગતમાં બે જ ચીજો એવી છે કે જે, માણસને પ્રસન્નતાથી હર્યોભર્યો રાખી શકેઃ એક ફુલ અને બીજો તાજગીભર્યો મૌલીક વીચાર.

**'શબ્દોનો સ્વયંવર'** પુસ્તક વાંચતી વખતે એમ જ લાગ્યું કે જાણે તાજગીથી તરબતર વીચારપુષ્પોનું આખું ઉપવન મળી ગયું! આ પુસ્તકની અનુક્રમણીકા કેટલી સમૃદ્ધ છે એ તો જુઓ! (૭) ૐ વીજ્ઞાનદેવતાય નમઃ (૮) પ્રેમપત્ર એટલે દીલનો દસ્તાવેજ! (૯) એન.આર.આઈ.(નોન રીલાયેબલ ઈન્ડીયન) (૧૨) સમસ્યાઓની બાણશૈયા પર લોહીલુહાણ મારો દેશ! (૧૯) ચાલો, દીકરાને પારકું ધન ગણીએ! (૨૫)મૃત્યુ, જીવનજરુરીયાતની ચીજવસ્તુ છે (૪૧) સત્ય સુરુચીની સરહદોમાં શોભે છે (૪૫) પ્રેમમાં ઉત્કટતા કરતાં પરીપક્વતા વધુ જરુરી છે!

જુદા જુદા લેખોનાં આ શીર્ષકો વાંચ્યા પછી લેખક દીનેશ પંચાલના વીચારોની તાજગી છુટક છુટક માણી લઈએઃ

◆ 'માણસ ઈશ્વરની એસેટ્સ છે. યાદ રહે, માણસને કદાચ ઈશ્વર વીના પરવડી શકે; પણ ઈશ્વરને માણસ વીના કદી ચાલવાનું નથી. અબજોપતી શેઠીયો તેના નોકર-ચાકર વીના લાચાર બની જાય છે.'

◆ 'કુદરતે માણસના પેટમાં ભુખનો ટાઈમબૉમ્બ ગોઠવ્યો છે. તે માણસને સતત પ્રવૃત્તીશીલ રાખે છે. દુનીયાની પ્રગતીનાં મુળ દાળ-રોટીમાં પડ્યાં છે.'

◆ 'દરેક પુસ્તકને બે કીંમત હોય છેઃ એક તેના પુંઠા પર છપાયેલી હોય છે અને બીજી, વાંચતી વેળા વાચકોનાં દીલમાં અંકાતી હોય છે. ઘણીવાર પુસ્તકોનું પુંઠું પાકું હોય પણ અંદરનું લખાણ કાચું હોય તેવાં પુસ્તકો ઉધઈ સીવાય કોઈનો ઉદ્ધાર કરી શકતાં નથી.'

◆ 'માનવીનાં સત્કાર્યો તેને મૃત્યુ પછીય જીવાડે છે. દુષ્કર્મો જીવતે જીવત મારી નાખે છે. દેશનાં અનેક શહેરોમાં મહાત્મા ગાંધી માર્ગ છે. દાઉદ ઈબ્રહીમ માર્ગ જોવા નહીં મળે! કોઈ યુનીવર્સીટીનું નામ ગોડસે યુનીવર્સીટી હોય એવું સાંભળ્યું છે?'

◆ 'પુરુષને બાલ્યાવસ્થામાં દુધ માટે માતાની જરુર પડે છે. યુવાવસ્થામાં પ્રેમ કરવા માટે પ્રેમીકાની જરુર પડે છે. રાખડી માટે બહેનની જરુર પડે છે. ગધાપચીસીમાં મજાક-મશ્કરી કરવા માટે કૉલેજમાં કન્યાની જરુર પડે છે. દાંમ્પત્ય જીવન માટે પત્નીની જરુર પડે છે. વારસદાર માટે તેની કુખની જરુર પડે છે. પત્નીથી ઉબાઈ ગયા બાદ બગડવાની ઈચ્છા થાય ત્યારે રુપજીવનીની જરુર પડે છે અને અંતે પોતાના મૃત્યુ પર બંગડી તોડીને પોક મુકનાર એક વીધવાની પણ જરુર પડે છે! પુરુષજીવનમાં આવું મહત્ત્વ ધરાવતી સ્ત્રી ઉપર પુરુષ રીઝે ત્યારે કહે છે, 'ઔરત મહાસતી હૈ' અને ખીજાય ત્યારે કહે છે, 'તુ પૈરકી જુતી હૈ.'

◆ 'જીવનનાં સર્વ સુખો પૈસામાં સમાયાં નથી. પૈસા ન હોવાનાં કેટલાંક સુખો હોય છે. મોંઘવારીનો આંક ગમે તેટલો ઉંચો જાય, ભીખારીઓને તેની ચીંતા હોતી નથી. એમને ત્યાં ઈન્કમટૅક્સની રેડ પડતી નથી. એમનાં સંતાનો વચ્ચે પ્રોપર્ટીના ઝઘડા થતા નથી. પેટ્રોલ કે રાંધણગેસ મળતાં બંધ થઈ જાય તોય એમનું રુંવાડુંય ફરકતું નથી. આવી નીરાંત હોવા છતાં માણસ ભીખારી બનવાનું પસંદ કરતો નથી. આળસુ માણસ પણ કદી એવી પ્રાર્થના કરતો નથી કે, 'હે પ્રભુ! મેં મન, વચન અને કર્મથી તારી

PDF created with pdfFactory trial version www.pdffactory.com

ભક્તી કરી હોય તો મને ભીખારી બનાવજે!' ભીખારી બનવા માટે ઈશ્વરની મહેરબાનીની જરુર નથી. ઘણી બાબતોમાં માણસ સ્વાવલંબી હોય છે.'

◆ 'દરેક માએ દીકરીઓને હવે જયાપાર્વતી વ્રતને બદલે જુડો-કરાટેના વર્ગમાં તાલીમ આપવાનો આગ્રહ રાખવો જોઈએ. એકવીસમી સદીમાં પ્રવેશી ચુક્યા પછીય સ્ત્રી આટલી અસલામત હોય તો એને સંસદમાં સ્થાન મળે તે કરતાં સમાજમાં સલામતીભર્યું સ્થાન મળે તે વધારે જરુરી છે!'

◆ 'પુસ્તકો મધની શીશી જેવાં હોય છે. મધમાખીની મહેનતમાં માણસનું મૅનેજમેન્ટ ભળે ત્યારે થોડું મધ શીશીમાં ઠલવાય છે. કલ્પના કરો એક શીશી મધ માટે કેટલી મધમાખીઓ કામે લાગતી હશે? લેખકની કેટલીય રાતોની મહેનત પર પ્રકાશક ઈંડાં સેવતી મરઘીની જેમ મહેનત કરે ત્યારે એક પુસ્તક તૈયાર થાય છે.'

◆ 'શ્રાદ્ધ એટલે આત્મચીંતનની ઘડી. પુર્વજોની સંસ્કાર-સૌરભને આપણા જીવનમાં કેટલી મહેકતી રાખી શક્યા છીએ, તે અંગેના આત્મચીંતનની ઘડી...ખુદનું જીવન રળીયાત કરવાની રીમાઈન્ડર નોટીસ...!'

◆ 'સમાજની માનસીકતા ટાલીયા જેવી છે. ટાલીયાઓની વસતીમાં કોઈને માથે વાળ ઉગે, તો બીજા ટાલીયાઓ એને પોતાનું અપમાન સમજે છે.'

◆ 'કમાવું અને ઘર ચલાવવું એ બે વચ્ચે ફુલ ચુંટવું અને ફુલનો ગજરો બનાવવા જેટલો ફરક છે.'

◆ 'ઘણાં દંપતીઓની દશા એક ખુંટે બંધાયેલાં બે ઢોર જેવી હોય છે. તેઓ જીંદગીભર શીંગડાં ભેરવતાં રહે છે, પણ ખુંટો તોડી શકતાં નથી.'

◆ 'સત્યમાં એક સેન્ટીમીટરનોય કાપ મુક્યા વીના તે રજુ કરવું એ ઉમદા ગુણ કહેવાય; પણ દુનીયાદારીની ડીક્ષનરીમાં એ મુર્ખતા ગણાય છે.'

◆ 'મહેમાનોને બગીચો બતાવવાનો હોય, ખાળકુવાનું ઢાંકણ ખોલીને ન બતાવાય!'

◆ 'પ્રેમને સમજવો અને ખુદ પ્રેમ કરવો, એ બે વચ્ચે રસગુલ્લાં બનાવવાં અને રસગુલ્લાં ખાવાં જેટલો તફાવત છે.'

દીનેશ પાંચાલના પુસ્તક 'શબ્દોનો સ્વયંવર'માંથી આટઆટલાં વીચાર-પુષ્પોની મહેક અહીં પ્રસરાવ્યા પછી મારે શા માટે એમ કહેવું જોઈએ કે આ પુસ્તક વાંચવા જેવું અને તમારે વસાવવા જેવું છે? સમાજજીવનનાં કેટકેટલાં ક્ષેત્રો પર લેખકની કલમ આપણને વીચાર-વીહાર કરાવે છે! નવી પેઢી અને જુની પેઢી વચ્ચે વધતા જતા વીસંવાદના સંદર્ભમાં લેખક લખે છે કે, 'આજની યુવાપેઢીને શાળામાંથી જ એ શીખવવા જેવું છે કે ભગવાનની મુર્તી આગળ અગરબત્તી સળગાવવાને બદલે ઘરડાં મા-બાપના રુમમાં કાચબા છાપ અગરબત્તી સળગાવશો તો વધારે પુણ્ય મળશે!'

'શબ્દોનો સ્વયંવર' પુસ્તક વાંચ્યા પછી તમે જડભરત રહી શકો, વીચારહીન રહી શકો એ વાતમાં માલ નથી!

(**'શબ્દોનો સ્વયંવર'** : લેખક : **દીનેશ પાંચાલ,** પ્રકાશકઃ ગર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, **અમદાવાદ**-૩૮૦ ૦૦૧ પૃષ્ઠઃ ૨૦૦ મુલ્યઃ રુપીયા-૮૫)

--રોહીત શાહ

અમદાવાદથી પ્રકાશીત **'જયહીન્દ'** દૈનીકની પુર્તીમાં, **'પુસ્તક-સમીક્ષા'**ની કટાર લખતા **રોહીત શાહ**નો એક લેખ, એમના સૌજન્યથી.. **'વીજયા-કલાપી'** ફોન્ટમાં અને **'ઉંઝાજોડણી'**માં **'સન્ડે મહેફીલ'** માટે સાભાર અક્ષરાંકન : **uttamgajjar@hotmail.com**

લેખકઃ **દીનેશ પાંચાલ**, સી-**12**, મજુર મહાજન સોસાયટી, જમાલપોર, **નવસારી**-**396 445-INDIA**
ફોનઃ(**02637**) **242 098**

PDF created with pdfFactory trial version www.pdffactory.com